# રાજયમાં અણધાર્યા પરિણામોના એંધાણ

## પ્રચાર પડઘમ શાંત થતાની સાથે જ વ્યૂહરચના અને જ્ઞાતિ-સમાજોની જોડ-તોડની નીતિ પૂરજોશમાં આરંભાઈ : કતલની રાતે લોકશાહીના વરવા દશ્યો ઠેરઠેર જોવા મળશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સહિત રાજયમાં તમામ સ્થળોએ સાંજે છ ના ટકોરે ચૂંટણી પ્રચાર પડધમ શાંત પડ્યા. છેલ્લા બે મહિનાથી ચાલતો ચૂંટણીપ્રચાર શાંત થતા હવે ઘર ઘર સંપર્ક ચાલશે. દેકારા-પડકારાઓ, સભાઓ-સરઘસો, આક્ષેપો-પ્રતિઆક્ષેપો, હુમલા અને પ્રતિ હુમલાઓ

ટુ ધ પોઈન્ટ

વચ્ચે રાજ્યની તમામ ૨૬ બેઠકો પર ઘોંઘાટ થંભી જતાં વ્યૂહરચનાઓ અને તડજોડના સમીકરણો ગોઠવાતા રહ્યા છે. પ્રચાર-અભિયાનમાં મોટા મોટા માથાંઓથી લઈને શેરી નેતાઓએ પોતપોતાની ભૂમિકા અદા કરી. સૌએ એડીચોટીનું જોર લગાવ્યુ હવે રાજ્યમાં ચોરે ને ચૌટે એક જ ચર્ચા ચાલે છે, કોની કેટલી બેઠકો આવશે ? ૨૦૧૪ના પરિણામોનુ પુનરાવર્તન થશે કે કોંગ્રેસ ભાજપના ગઢમાં ગાબડાં પાડી શકશે ?

પ્રચાર બે પ્રકારે થાય છે. બાહ્ય પ્રચાર અને આંતરિક પ્રચાર, દેખાતો પ્રચાર અને ગોઠવાતો પ્રચાર અલગ અલગ સમિકરણો ઉભા કરે છે. કોઈનો જોરશોરથી ગાજતો પ્રચાર ભલે માધ્યમોમાં છવાયેલો હોય પરંતુ મતદારો સુધી સ્પર્શતો ન હોય. જ્ઞાતિ-સમાજના સમિકરણો જાહેરમાં ચર્ચાતા નથી હોતા પરંતુ પરિણામો પર જરૂરથી અસરકર્તા બનતા હોય છે. શહેરી મતદારો બોલકા હોય છે જ્યારે ગ્રામીણ મતદારો અકળ હોય છે. આજે પણ સમાજમાં પચાસ ટકા મતદારો પોતાના ગુપ્ત મતદાનને કોઈની સમક્ષ વ્યક્ત નથી કરતા. પ્રચાર ઝુંબેશ જોરશોરથી થઈ હોવા છતાં ગાંધીનગર કે ગુજરાતમાં ચૂંટણીનો માહોલ ન જામ્યો તો ન જ જામ્યો.

રાજ્યના ગ્રામીણ મતદારોનો મૂડ કંઈક અલગ જ હોય એમ દેખાય છે. શહેરી મતદારો માટે રાષ્ટ્રવાદ અને વિકાસનો મુદ્દો અગ્રેસર છે પરંતુ ગ્રામીણ મતદારોમાં ખેડૂતોના પ્રશ્નો અને બેરોજગારીની સમસ્યા પ્રાથમિક મુદ્દા છે. આમ સમગ્ર રાજ્યના મતદારો અલગ અલગ મુદ્દા સાથે વિભાજીત છે. આનો અર્થ એમ થાય કે મતદાનનો ઝુકાવ પણ અલગ રહી શકે છે. ચૂંટણી પ્રચારની સભાઓ-સરઘસો હજુ ગ્રામીણ મતદારો સુધી અસરકર્તા નથી બન્યા એવુ ચોક્કસપણે કહી શકાય. છેલ્લી ઘડીના રીસામણા-મનામણા, ખાટલા પરિષદો-ઓટલા પરિષદો, સગાવ્હાલાઓના સંબંધોના સમિકરણો વગેરે વગેરે તરકીબો ચાલશે, વ્યૂહરચના પ્રમાણે ગોઠવણો ગોઠવાશે, પરંતુ કોઈ તરફી ઝુકાવ કે કોઈ તરફી વિરોધ સ્પષ્ટ રીતે અનુભવાતા નથી. સભાઓમાં દેખાતી મેદની કે રેલીઓમાં છલકાતો મહેરામણ વિજયના માપદંડ નથી બનતા. રાજકીય પંડિતો અલગ અલગ વિશ્લેષણો કરી રહ્યા છે. તટસ્થ વિશ્લેષકો એમ માને છે કે ૨૦૧૯ એ ૨૦૧૪ નથી જ્યારે કેટલાક વિશ્લેષકો પુનરાવર્તનનુ ભવિષ્ય ભાખે છે. પક્ષના મંધાતાઓ પોતાની રીતે દાવાઓ-પ્રતિદાવાઓ કરે છે. સામાન્ય મતદાર અકળ છે. પોતાનુ મન ખોલવા માટે તૈયાર નથી. એને હવે વચનો પ્રવચનોથી ભરોસો ઉઠી ગયો છે. ઢંઢેરાઓથી નાસીપાસ છે. કોની પાસે ક્યાં કેટલી આશા રાખવી એની મુંઝવણ મતદાતાના ચહેરા પર સ્પષ્ટ દેખાય છે. બધા જ સરખાં છે એમ કહી હસી પણ નાંખે છે. મતદાનને આડે માત્ર ૩૬ કલાક બાકી છે ત્યારે કોઈ ગમે તે દાવાઓ કરે, આગાહીઓ કરે પણ અંડર કરંટ કંઈક અલગ ચાલે છે, અને આંતરીક પ્રવાહ જ્યારે બાહ્ય પ્રવાહથી અલગ હોય ત્યારે અણધાર્યા પરિણામો આવવાની સંભાવના વધી જાય છે. હાલ રાજકીય પંડિતોનું જો સાચુ માનીએ તો ૧૫ બેઠકો પર ભાજપ નિશ્ચિત છે. જ્યારે ૪ બેઠકો પર કોંગ્રેસ આગળ નીકળી છે અને ૭ બેઠકો પર કશ્મેકશ જંગ ખેલાય છે. જોકે આવનારા ૩૬ કલાક ગુજરાતની રાજનીતિ માટે ખૂબ જ મહત્વના બની રહેશે.

# ગાંધીનગરમાં ડૉ. સી.જે. ચાવડાનો રોડ શૉ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં આજે સાંજે ૬ વાગ્યાથી જાહેર પ્રચાર અભિયાન બંધ થયુ છે. આજે અંતિમ દિવસે ભાજપ અને કોંગ્રેસ દ્વારા રોડ શૉ નું આયોજન કરાયુ હતુ.

ગાંધીનગર (ઉ) બેઠક પર ડૉ. સી.જે. ચાવડાનો રોડ શૉ સવારના ૭.૩૦ થી શરૂ થયો હતો અને જે વાવોલ ખાતે સંપન્ન થયો હતો. ધોળેશ્વરથી શરૂ થયેલો રોડ શૉ ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર અને તમામ સેક્ટરોમાં થઈ પેથાપુર, પીંપળજ, પિંડાયડા, ઉનાવા, વાસણ થઈ વાવોલ ખાતે સંપન્ન થયો હતો.

ડૉ. ચાવડાના આ રોડ શૉ માં તેમનું કોંગ્રેસના કાર્યકરો દ્વારા ઠેરઠેર સ્વાગત કરવામાં આવ્યુ હતુ.

આ રોડ શૉ માં સે. ૬ ખાતે પૂર્વમંત્રી ડૉ. કરશનદાસ સોનેરી જોડાતા કાર્યકરોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

કાર્યકરોએ તેમને ગાંધીનગર વિધાનસભાની ચૂંટણીમાં મળેલ લીડ કરતાં પણ વધુ સરસાઈ લોકસભાના જંગમાં આપવાની ખાત્રી આપી હતી.



● અનુસંધાન પાન-૭ પર

## લોકસભાના જંગમાં પરિવર્તનનું વાવાઝોડુ ફુંકાશે : ડૉ. ચાવડા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર લોકસભાના ચૂંટણી જંગમાં ત્રણ લાખ મતદારોનો વ્યક્તીગત સંપર્ક કર્યો છે અને પાંચ લાખથી વધુ કાર્યકરોને જાહેર પ્રચાર અભિયાન મળ્યા પછી હું સ્પષ્ટ માનુ છુ કે પરિવર્તનનો પવન નહિ પણ વાવાઝોડુ આવશે. ગાંધીનગર રોડ શૉ દરમ્યાન ટુંકી વાતચીત કરતાં કોંગ્રેસના ડૉ. સી.જે. ચાવડાએ જણાવ્યુ હતુ કે આ જંગમાં વિજય માટે હું આશાવાદી છુ આગાહી કરતો નથી પણ વિશ્વાસ ચોક્કસ છે કે પરિવર્તન થશે. તેમણે જણાવ્યુ હતુ કે મને દરેક સ્તરે સારો આવકાર મળ્યો છે. ગ્રામીણ અને શહેરી મતદારોએ મને ખુબ પ્રેમ આ પ્રચાર અભિયાનમાં આપ્યો છે અને તે મત પણ આપશે એવુ હું સ્પષ્ટ માનુ છુ.

# આચારસંહિતાના અમલ માટે ૨૬૮ માઈક્રો ઓબ્ઝર્વર નજર રાખશે

## ૨૦૬ બુથોનુ વેબકાસ્ટીંગ કરી અને તંત્રની ટીમ સીધી નજર રાખશે

ગાંધીનગર, તા. ૨૧

મતદાનના દિવસે આદર્શ આચારસંહિતાના અમલ માટે ચૂંટણી પંચ દ્વારા ૨૬૮ માઈક્રો ઓબ્ઝર્વર ગાંધીનગર બેઠક પર નજર રાખશે અને તેઓ તેમનો સીધો અહેવાલ પંચને આપશે.

આ માઈક્રો ઓબ્ઝર્વર તરીકે કેન્દ્રના જાહેર સાહસોમાંથી તેમજ જાહેરક્ષેત્રની બેંકોમાંથી પસંદગી કરી અને નિયુક્તી કરવામાં આવી છે. જે બધાને આજે એક દિવસની સઘન તાલીમ તંત્ર દ્વારા ચાંદખેડા આઈ.ઓ.સી. ખાતે આપવામાં આવી હતી.

ગાંધીનગર બેઠક પર જે ૨૬૮ માઈક્રો ઓબ્ઝર્વર મુકવામાં આવ્યા છે તેમાં ગાંધીનગર (ઉ) બેઠકમ માટે ૪૨, કલોલ બેઠક માટે ૬૧, સાણંદ ખાતે ૨૬, ઘાટલોડિયા બેઠક માટે ૪૦, વેજલપુર બેઠક માટે ૧૫, નારણપુરા બેઠક માટે ૧૬ અને સાબરમતી બેઠક માટે ૨૬ની નિયુક્તી કરવામાં આવી છે. મતદાન માટે પોલીંગ સ્ટાફની સાથે જ આ માઈક્રો ઓબ્ઝર્વરને જે તે સ્થળ પર મુકી દેવામાં

● અનુસંધાન પાન-૭ પર

# અમિત શાહનો સાણંદમાં ભવ્ય રોડ શો


અમદાવાદ, તા. ૨૧

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગાંધીનગર લોકસભાના



ઉમેદવાર અમિત શાહ ગુજરાતના એકદિવસીય પ્રવાસે છે ત્યારે, તેઓએ જુદી જુદી બેઠકો અને લોકસંપર્ક યાત્રા યોજીને પોતાના મતક્ષેત્રમાં વિજળીવેગે પ્રચાર-પ્રસાર હાથ ધર્યો હતો. આજરોજ દિવસ દરમ્યાન ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ઘાટલોડીયા વિધાનસભા સમાવિષ્ટ વિવિધ સોસાયટીઓના ચેરમેન-સેક્રેટરીઓ તેમજ બોડકદેવ અને થલતેજ વોર્ડના ચેરમેન અને સેક્રેટરીઓ સાથે બેઠકો કરી ચૂંટણીલક્ષી પ્રચાર-પ્રસાર કર્યો હતો. વેજલપુર વિધાનસભા અંતર્ગત વેજલપુર અને સરખેજ વોર્ડના ચેરમેન અને સેક્રેટરીઓ સાથે શ્રેણીબધ્ધ બેઠકોનું આયોજન કરી સક્ષમ ભારત અને સમૃધ્ધ ભારતના નિર્માણ માટે ફરીથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને દેશનું સુકાન સોંપવા અપીલ કરી હતી. ત્યારબાદ અમિત શાહના ગાંધીનગર લોકસભા વિસ્તારના સાણંદ ખાતે બપોરે ૧૨.૦૦ કલાકે ભવ્ય લોકસંપર્ક રોડ-શોનું આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં અમિત શાહે ગાંધીનગર લોકસભા વિસ્તારના એપીએમસી સાણંદ ખાતેથી ભવ્ય રોડ-શોની શરૂઆત કરી હતી.


હૃદયાંજલિ



કાળજી, આદર અને વિશ્વાસના સેતુ પર
જેમની જીવનનૈયા સદાય ચાલતી એવા
આત્મવિશ્વાસના પ્રેરણાસ્ત્રોત અને
એક આગવા પ્રેમાળ વ્યક્તિત્વને
પ્રથમ પુણ્યતિથિએ
પરિવારજનો, સ્નેહીજનોનાં
શત્ શત્ વંદન....

સ્વ.શ્રી મનુભાઈ કાન્તીભાઈ પટેલ (પંચવટી ફાર્મ)
જન્મ તા.૦૧-૦૬-૧૯૪૮ ● સ્વર્ગવાસ તા.૨૨-૦૪-૨૦૧૮

લિ.
નર્મદા જળ રક્ષક સંઘ
ગુજરાત સ્ટેટ ચેમ્બર ઓફ એગ્રીકલ્ચર
ઉમિયા પરીવાર ચેરીટી ટ્રસ્ટ
જય સરદાર ફાઉન્ડેશન-અમદાવાદ
મનુભાઈ પંચવટી ચેરીટેબલ ટ્રસ્ટ






લોકસભા ચૂંટણી ૨૦૧૯ માટે થઇ જાઓ તૈયાર

મતદાન મથક પર ઓળખના પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાશે તેવા દસ્તાવેજ / ઓળખપત્ર

મતદાનની તારીખ: ૨૩-૪-૨૦૧૯

૧ મતદાર ફોટો ઓળખકાર્ડ
૨ પાસપોર્ટ
૩ ડ્રાઇવિંગ લાઇસન્સ
૪ કેન્દ્ર/રાજ્ય સરકાર, જાહેર સાહસ તથા પબ્લિક લિમિટેડ કંપનીઓ દ્વારા આપવામાં આવેલ ફોટો સાથેનું સર્વિસ ઓળખકાર્ડ
૫ બેન્ક અથવા પોસ્ટ ઓફિસ દ્વારા આપવામાં આવેલ ફોટા સહીતની પાસબુક
૬ પાન (PAN) કાર્ડ
૭ એન.પી.આર. અંતર્ગત આર.જી.આઈ. દ્વારા આપવામાં આવેલ સ્માર્ટકાર્ડ
૮ મનરેગા જોબકાર્ડ
૯ શ્રમ મંત્રાલયની આરોગ્ય વીમા યોજના અંતર્ગત આપવામાં આવેલ સ્વાસ્થ્ય વીમા સ્માર્ટકાર્ડ
૧૦ પેન્શન દસ્તાવેજ ફોટો સહીત
૧૧ સંસદસભ્યો, વિધાનસભ્યો, વિધાન પરિષદના સભ્યોને આપવામાં આવેલ સરકારી ઓળખકાર્ડ
૧૨ આધારકાર્ડ

#GoVerify
કોઈ પણ મતદાર રહી ન જાય

યાદ રાખો ફોટો વોટર સ્લીપ ફક્ત માર્ગદર્શન માટે છે, ઓળખના પુરાવા તરીકે તેનો ઉપયોગ કરી શકાશે નહિ

મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત.

ભારતનું ચૂંટણી પંચ
www.eci.gov.in
મતદાર હેલ્પલાઇન ૧૯૫૦
www.nvsp.in
હેલ્પલાઇન એપ ડાઉનલોડ કરવા માટે


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com